
**અંધ સુશીલા દેસાઈની કામવાળી ફલેટનું બારણું આડું કરીને કલાકેક માટે પોતાને ઘેર ગઈ પછી એ રાતવાસો કરવા આવવાની હતી પરંતુ દરમિયાનમાં એક જુવાન લૂંટને ઈરાદે ફલેટમાં પેઠો. એને ખબર હતી કે તિજોરી કયાં છે. એ પણ ખબર હતી કે તિજોરીની ચાવી કયાં છે. એને એ પણ ખાતરી હતી કે આ અંધ સ્ત્રી એને વિશે પોલીસને કશી જાણ કરી શકવાની નથી પરંતુ...**

# અરે, એક નાજુક સ્ત્રીને લૂંટવા માટે એનું ખૂન કરવું પડયું!




## આંખની સૂની અટારીએથી-2

**રહસ્ય ચક્ર**
★ યશવંત મહેતા

સુશીલાના નક્કર નકાર પછી જાણે સોપો પડી ગયો. આગંતુક પણ એ નકારમાં રહેલી નિશ્ચયાત્મકતા સામે ઘડીભર છોભીલો પડી ગયો.

પરંતુ સુશીલા જેમ ઘરેણાં બચાવવાની ઝંખનાથી પ્રેરિત હતી તેમ આગંતુક એનાં ઘરેણાં લૂંટવાના નિશ્ચયથી પ્રેરિત હતો. એટલે એ સુશીલાના ઈન્કારથી ડગવાનો નહોતો. એણે ફરી વાર મક્કમ સ્વરે કહેવા માંડયું. ''એ ચેન તો પહેલાં જોઈશે! તમે પોતે પણ એનું કારણ જાણો છો. હું જાણું છું કે તમે ઉગમણી દીવાલમાં જે તિજોરી છુપાવી છે એની ચાવી આ ચેનમાં રહે છે! સાચું બોલું છું ને?''

જવાબમાં સુશીલા મૌન રહી. નવાઈ પામી રહી.

એટલે આગંતુકે જ વાત આગળ વધારી, ''આ ચેનના પેન્ડલની આગળ તમારા પતિની તસવીર છે. પાછળ તમારી પુત્રીની તસવીર છે. હું એ બંને કાઢીને ગટરમાં ફેંકી દઈશ. મને તો તિજોરીની ચાવીથી મતલબ છે. તમારી રાજીખુશીથી ચેન કાઢી આપો.''

''નહિ! આ ચેન તો નહિ આપું.''

''જુઓ! મારે કશી મારકાપ નથી કરવી. ચેન કાઢો.''

''ના! આ ચેન તો હું પ્રાણાંતે પણ તમને નહિ આપું!''

સુશીલાએ દઢ સ્વરે પુનઃ કહ્યું. એના હાથમાં ગૂંથણનો સળિયો તો રમી જ રહ્યો હતો. એણે વળી આ જુવાનને સમજાવવાની કોશિશ કરવા માંડી, ''જુઓ ભાઈ, આ ટેબલના જમણી બાજુના ખાનામાં બસોએક રૂપિયા છે. એ લઈ જાવ. ફરી પાછા આવશો ત્યારેય થોડા રૂપિયા આપીશ. પણ-''

''નાલાયક!'' હવે જુવાનનો પિત્તો ઊછળ્યો. ''તું આવી મીઠી મીઠી વાતોમાં લપટાવીને મને ભોળવવા માગે છે. તું કદાચ રાહ જોતી હશે કે તારી કામવાળી છોકરી આવી જાય! પણ હું એટલો મૂરખ નથી.''

આમ બોલતાં જ એણે સુશીલાની ગરદન પર ઘા નાખ્યો. એક હાથે ગરદન પકડીને બીજે હાથે એણે ચેન ખેંચવા કોશિશ કરવા માંડી. અલબત્ત સુશીલા પણ એનો સામનો કરવા તત્પર હતી. એણે ગૂંથણનો સળિયો મજબૂત મૂઠીમાં પકડીને આક્રમકતા બાવડામાં ઘોંચી દીધો. જુવાને વેદનાની કારમી પણ દબાયેલી ચીસ પાડી. એ વેદનાએ એના લોહીને ઉકળાવી મૂકયું. એ મરણિયો બની ગયો. હવે તો આ બાઈને...

એણે સુશીલાનું ગળું ભીંસવા માંડયું. સુશીલાએ પણ સળિયો વાપરવા માંડી. જુવાન ઓર આક્રમક બન્યો.

એકાએક સુશીલાનો દેહ ખુરશીની અંદર ઢીલો પડી ગયો. જુવાન ઘડીભર તો ડઘાઈ ગયો. સ્ત્રી આટલી બધી નાજુક હોય એની એને કલ્પના જ નહોતી. એણે સુશીલાનું કાંડું પકડયું નાડી જોઈ. એ ધ્રૂજી ઊઠયો. નાડી બંધ થઈ ગઈ હતી! એટલે કે બાઈનું હૃદય કામ કરતું અટકી ગયું હતું. ઘડીભર એને પોતાની જાત પર ગુસ્સો આવી ગયો. પોતે એક નાજુક સ્ત્રીને લૂંટવા માટે એનું ખૂન કરવું પડયું.

ખેર! જે બન્યું તે ન બન્યું થવાનું નહોતું. એ મરી ગઈ. એક રીતે એ ઠીક થયું. પોતે માત્ર લૂંટ કરી હોત તો એ આંધળી સ્ત્રી જે આછુંપાતળું વર્ણન કરે એથી પોતાની ઓળખ થવાનો સંભવ હતો. હવે એ સંભવ પણ ન રહ્યો.

એણે સુશીલાને ગળેથી ચેન ઉતારી. પેન્ડલ ખોલ્યું. એમાં દબાવેલી ચાવી કાઢી. મોજાંવાળા હાથે તિજોરી ખોલી. ઘરેણાં રેઈનકોટના ગજવામાં ભર્યાં. બત્તી બંધ કરી. ફલેટનું બારણું ખોલીને દાદર વાટે નીચે ઊતરીને ચાલતી પકડી...

----

એ પછીના દિવસની સવારના દસ વાગતાં તો સ્થાનિક પોલીસ સ્ટેશનનો ઈન્સ્પેકટર એના બે કોન્સ્ટેબલો સાથે સુપર જવેલર્સના માલિક પાસે પહોંચ્યો. પ્રાથમિક વાતચીત પછી એ અગત્યના પ્રશ્ન પર આવી ગયો.''મિસીસ સુશીલા દેસાઈ તમારા એક કાયમી ગ્રાહક હતાં. ખરું ને?''

''ખરું, સાહેબ. છેલ્લાં કેટલાંક વરસોથી એમની ખરીદી તો બંધ થઈ ગઈ હતી પણ બેચાર બેચાર વરસે એમનાં ઘરેણાં અમારે ત્યાં સફાઈ કે રીપેરિંગ માટે આવતાં.''

''એ ઘરેણાં તમારી દુકાનના કયા કયા માણસના હાથમાં આવતા?''

''અમે અહીં પાંચ જણા કામ કરીએ છીએ- હું પોતે અને બીજા ચાર કારીગરો છે.''

''એમાં કયા કયા માણસો જૂનાં ઘરેણાંની સાફસફાઈના જાણકાર છે?''

''એમ તો સોનીની દુકાનનો દરેક માણસ બધાં કામોનો જાણકાર હોય પણ સામાન્ય રીતે નવા નાના કારીગરને ય કામ સોંપાય છે; અને કામ કરતાં કરતાં એ કામનો એ જાણકાર બની જાય છે. પણ... આ બધા સવાલનું કારણ શું છે, સાહેબ?''

''કારણ? કારણ કે તમારા એ ગ્રાહક સુશીલા દેસાઈનું અવસાન થયું છે.''

''ઓહ! બિચારા અંધ બની ગયેલાં પણ એમનું અવસાન શી રીતે થયું? બહુ ઉંમર તો નહોતી!''

''ગઈ રાતે એક માણસ એમને ઘેર લૂંટને ઈરાદે ગયો હતો. મિસીસ દેસાઈએ લૂંટારાનો સામનો કર્યો- પરિણામે લૂંટારાએ એમનું ખૂન કર્યું.''

''બહુ દિલગીરીની વાત છે, ઈન્સ્પેકટર સાહેબ. એ અમારા જૂનાં ગ્રાહક હતાં પણ આ બાબતમાં તમે પોલીસ... અમારી દુકાને...''

''એની હમણાં જ ખબર પડશે'' ઈન્સ્પેકટરે કહ્યું. ''હું એક એવા જુવાન માણસની શોધમાં છું, જે જુવાન આશરે પાંચ ફૂટ સાત આઠ ઈંચ ઊંચાઈ ધરાવતો હોય, જે સસ્તી સિગારેટ પીતો હોય અને... જે વરસાદ વેળાં પ્લાસ્ટિકનો રેઈનકોટ પહેરતો હોય. તમારી દુકાનમાં આવો કોઈ માણસ છે ખરો?'

''આપ કહો છો એવો એક માણસ તો દલસુખ છે. એ ઘરેણાં ધોવા, સાંધવાનું કામ કરે છે. પણ એ તો... સાહેબ, એ તો વિશ્વાસુ માણસ છે. અમારે ત્યાં સાત આઠ વરસથી અને-''

''શેઠ! ઘણાંખરાં માનવીના મનમાં પાપનાં બીજ તો સદાય પડેલાં જ હોય છે. કોણ જાણે એ કયારે ઊગી નીકળે!''

''ઈન્સ્પેકટર સાહેબ, આપ શાને આધારે અમારા માણસ સામે આંગળી ચીંધી રહ્યા છો? આપ તો કહો છો કે સુશીલાબેન ગુજરી ગયાં છે તો પછી અમારી દુકાન તરફ પગેરું શી રીતે નીકળ્યું?''

''સુશીલાબેને જાતે જ લૂંટારાનું વર્ણન આપ્યું છે અને એના કામના ઠેકાણાનો ઈશારો આપ્યો છે. એ ઠેકાણું તમારી દુકાન હોવાનો પૂરો સંભવ છે.''

ઝવેરીની આંખોમાં અવિશ્વાસ ઊભરાઈ આવ્યો. ''હેં હેં હેં, શી વાત કરો છો, સાહેબ! એ તો અંધ હતાં પછી એમના પર હુમલો કરનારનું વર્ણન કયાંથી આપે?''

''શેઠ! મરહૂમ મિસીસ સુશીલા દેસાઈ ઘણાં જ હોંશિયાર હતાં. એ અંધ અને ઘણો ખરો વખત એ ખુરશીએ જ બેસી રહેતાં પણ એમણે બેઠાં બેઠાં જ ભરતગૂંથણ કરવાનું કામ શીખી લીધું હતું અને ખૂની જ્યારે એમની સાથે વાતો કરતો હતો ત્યારે મેડમ એની જાણ બહાર એ ખૂનીનું વર્ણન ટપકાવી રહ્યાં હતાં. જુઓ, આ કાગળમાં એ ખૂનીનું વર્ણન લખ્યું છે.''

ઝવેરીએ ચબરખી વાંચીઃ ''જુવાન આદમી. ઉતાવળિયો. આશરે પાંચ ફૂટ સાત આઠ ઈંચ. ઊંચો. હાથમોજાં પ્લાસ્ટિકનો રેઈનકોટ. સસ્તી સિગારેટો પણ ઘરેણાંની ઘણી વિગતો જાણે છે. ચેનના પેન્ડલમાં આગળ રમેશનો અને પાછળ દીકરી મીરાંનો ફોટો છે. એનીય એને ખબર છે. એ સુપર જવેલર્સનો માણસ હોવો જોઈએ.''

ચિઠ્ઠી વાંચી રહ્યા પછી ઝવેરીએ બોચી ખંજવાળી. ''સાહેબ, આ સુશીલાબેનના અક્ષર નથી.''

''બરાબર. એ મારા અક્ષર છે.''

''તો પછી? આ વર્ણન?''

***(વાચકમિત્રો! ઘડીક આ પાનું બંધ કરીને વિચાર કરો કે આ વર્ણન પોલીસને કેવી રીતે મળ્યું હશે? વિચાર કરીને જ આગળ વાંચજો.)***

***''ભલા માણસ!'' ઇન્સ્પેકટરે ફોડ પાડયો. ''સુશીલાબેને અંધજનોની બ્રેઇલ લિપિ પણ ભરતગૂંથણની જેમ શીખી લીધી હતી. તમારો દલસુખ જ્યારે એમને લૂંટી લેવા આવ્યો ત્યારે એમણે દરેક વિગત સામે પડેલા બ્રેઇલ લિપિના ખાસ કાગળ પર છ ટપકાની બ્રેઇલ લિપિમાં પોતાના ગૂંથણના સોયા વડે ટપકાવી લીધી***

**એ અંધ અને ઘણોખરો વખત એ ખુરશીએ જ બેસી રહેતાં, પણ એમણે બેઠાં બેઠાં જ ભરતગૂંથણ કરવાનું કામ શીખી લીધું હતું અને ખૂની જ્યારે એમની સાથે વાતો કરતો હતો ત્યારે મેડમ એની જાણ બહાર એ ખૂનીનું વર્ણન ટપકાવી રહ્યાં હતાં. જુઓ, આ કાગળમાં એ ખૂનીનું વર્ણન લખ્યું છે**